ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયક
અને પ્રાથમિક શિક્ષક/વિદ્યાસહાયકની
બદલીના નિયમો બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૧/૦૮/૨૦૧૮

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગનો તા. ૨૩/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/ક,
૨. શિક્ષણ વિભાગનો તા. ૦૫/૦૭/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧-૨૦૧૨/૬૨૧૦૬૫/ક,
૩. પ્રા. શિ. નિયામકશ્રીનો તા:૧૨/૦૬/૨૦૧૮નો પત્ર ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/સીંગલફાઈલ/૨૦૧૮/ક/૧૬

આમુખ:

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) ઉપરના તા: ૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવથી અને વંચાણે લીધા ક્રમાંક (૨) ઉપરના તા: ૦૫/૦૭/૨૦૧૪ના સુધારા ઠરાવથી રાજ્યમાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકો અને પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની બદલીની નીતિ નિયત કરવામાં આવેલ છે. આ બદલી નિયમોમાં ફેરફાર કરવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીના વંચાણે લીધેલા ક્રમાંક (૩) ઉપરના તા:૧૨/૦૬/૨૦૧૮ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. સદર દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, શિક્ષણ વિભાગના તા.૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ/૧૧-૨૦૧૨/૩૧૪૭૭૬/કના પ્રકરણ(ખ)ના નિયમ(૯)માં આથી નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

(પૃષ્ઠ ૨ ઉપર ચાલુ)

| હાલની જોગવાઈ | સુધારેલ/નવી જોગવાઈ |
| --- | --- |
| <u>પ્રકરણ-(ખ)(૯)</u><br>(૯) શિક્ષક વધને લીધે બદલવામાં આવેલ શિક્ષક/વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં જે તે વિભાગમાં જ બે વર્ષની સમયમર્યાદામાં પ્રથમ ખાલી જગ્યા પડે ત્યારે, સદર શિક્ષક/ વિદ્યાસહાયક બદલીની માંગણી કરે તો તેને તેની મૂળ શાળામાં બદલીની પ્રથમ તક આપવાની રહેશે. વધમાં બદલી કરેલ શિક્ષકને માંગણીનો હક્ક રહેશે અને બદલી માટે મૂળ શાળાની સીનીયોરીટી ધ્યાને લેવાની રહેશે. | <u>પ્રકરણ-(ખ)(૯)</u><br>(૯)(અ) શિક્ષક વધના કારણથી બદલી થયેલ શિક્ષક/વિદ્યાસહાયક તેની મૂળ શાળામાં ખાલી જગ્યા પડે ત્યારે તે ખાલી જગ્યા ઉપર નીચે મુજબની સમયમર્યાદા સુધી બદલીની માંગણી કરી શકશે.<br>વધ હેઠળની બદલી થયાના હુકમની તારીખ પછી યોજવામાં આવેલ ક્રમશઃ બે આંતરિક બદલી કેમ્પ અને ક્રમશઃ બે વધઘટ બદલી કેમ્પ સુધી મૂળ શાળાની માંગણી કરી શકશે.<br><br>(૯)(બ) જો કોઈ શાળામાંથી વધ હેઠળ એક કરતાં વધુ શિક્ષકોની બદલી એક વર્ષમાં કે જુદા જુદા વર્ષમાં થયેલ હોય તો જે શિક્ષકની પ્રથમ બદલી થયેલ હોય તે શિક્ષક/ વિદ્યાસહાયકને મૂળ શાળાની ખાલી જગ્યાનો લાભ પ્રથમ આપવાનો રહેશે. |

૨. આ સુધારેલ જોગવાઈઓ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણે તમામ સંબધિતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ વિભાગના તા:૨૩/૦૫/૨૦૧૨ના ઠરાવની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

(પૃષ્ઠ ૩ ઉપર ચાલુ)

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપરની તા.૩૦/૦૭/૨૦૧૮ની નોંધ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અજય ભટ્ટ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા )
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓ/ રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રા.શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-૧૭, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- શાખા સિલેક્ટ ફાઈલ